# શહેર બન્યુ શિવમય : હર હર મહાદેવનો નાદ ગાજ્યો

## મહાશિવરાત્રી પર્વની હર્ષોલ્લા સપૂર્વક ઉજવણી કરવામાં આવી : સવારથી જ શિવાલયોમાં ભક્તોનું ઘોડાપુર ઉમટ્યુ






ગાંધીનગર, તા. ૧૮

મહાશિવરાત્રીમાં આખું ગાંધીનગર શિવભક્તિમાં તરબોળ બન્યું હતું. સવારથી શિવભક્તો શિવાલયમાં પહોંચ્યા હતા. ત્યાં ભગવાન ભોળાનાથને રાજી કરવા ભજન, ધૂન, રૂદ્રી, લઘુરૂદ્ર, મહારૂદ્ર જેવા માધ્યમો દ્વારા પોતાની ભાવના વ્યક્ત કરી હતી. શહેરના શિવાલયો હર હર મહાદેવ... જય ભોલેનાથ, જય મહાદેવ જેવા જયઘોષથી ગુંજી ઉઠ્યા હતા.

ધોળેશ્વર મહાદેવ મંદિર, હડમતીયા મહાદેવ, પંચદેવ મંદિર, વૈજનાથ મંદિર સુધીના તમામ શિવાલયો મોડી સાંજ સુધી ભાવિકોથી છલકાયેલા રહ્યા હતા. આરતી, મહાઆરતી, હોમ, હવન, શિવધૂન સતત ગૂંજતા રહ્યા હતા.

પંચદેવ મંદિરમાં યોજાયેલા લોકમેળામાં પણ સેંકડો ભાવિકો ઉમટ્યા હતા. ધોળેશ્વર અને વાસણિયા મહાદેવમાં ગ્રામીણ સંસ્કૃતિના હાર્દ સમો લોકમેળો ભારતીય સંસ્કૃતિની ઝલક વ્યક્ત કરતા હતા. આ વર્ષે કોરોનાથી સંપૂર્ણ રીતે રાહત વર્તાતા ભક્તિનો મહાસાગર મહાનગરમાં છલકાયો હોય એમ વર્તાતુ હતુ. ગાંધીનગરમાં દરેક શિવાલયોમાં શિવજીને પ્રસન્ન કરવા ભવ્ય ઉજવણી કરીને મહાશિવરાત્રીનો પાવન પર્વ ઉજવાયો હતો. ભગવાન શિવજીને ચઢાવવા માટે બિલીપત્ર, ફૂલો, દૂધ, ધતુરાની ધૂમ ખરીદી કરવામાં આવી હતી.

મહાશિવરાત્રી પર્વ નિમિત્તે ફૂલબજારમાં તેજી જોવા મળી હતી. મહાશિવરાત્રી પર્વમાં પૂજાવિધિનું ખૂબ મહત્વ હોવાથી ફૂલબજારમાં ફૂલોની ડિમાન્ડ વધારે રહી હતી. શહેરમાં ધોળેશ્વર મહાદેવ, પંચદેવ મંદિર, વૈજનાથ મહાદેવ, શ્રીકૃપાનાથ મહાદેવ, ત્ર્યંબકેશ્વર મહાદેવ, પંચમુખી, સોમેશ્વર મહાદેવ, ઓમકારેશ્વર મહાદેવ, પંચેશ્વર મહાદેવ મંદિરોમાં ભાવિ ભક્તોએ મહાશિવારત્રીના પાવન અવસર પર ભગવાન ભોળાનાથજીના દર્શન કરીને ધન્યતા અનુભવી હતી.

### ફરસાણની દુકાનોમાં ભીડ જામી

મહાશિવરાત્રીના પાવન પર્વમાં ઉપવાસ કરવાનું ખાસ મહત્વ હોવાના કારણે શહેરીજનોએ ઉપવાસમાં ખવાતી ચીજવસ્તુઓની ખરીદી માટે સ્વીટ, ફરસાણની દુકાનોમાં જમાવટ બોલાવી દીધી હતી. બફવડા, ફરાળી ચેવડો, સાબુદાણાની ખીચડી, ફરાળી પેટીસ, ફરાળી વેફર, સ્વીટ, પેટીસ, કટલેસ, ભેળ, દહીંવડા વિગેરેનું ધૂમ વેચાણ થયું હતું.

### પંચદેવમાં શિવભક્તોની ભીડ

પંચદેવ મંદિરના લોકમેળામાં શહેરીજનોની ભારે ભીડ ઉમટી હતી. જેમાં શ્રદ્ધાંળુઓએ મહાદેવના દર્શન કરીને લોકમેળાનો ભરપૂર આનંદ માણ્યો હતો. આ લોકમેળામાં નાના-મોટા ફેરિયાઓએ અવનવી ચીજવસ્તુઓનું ધૂમ વેચાણ કર્યુ. જેમાં નાના બાળકોનાં રમકડાં, ઘરવપરાશની તમામ વસ્તુઓ, કટલરી, ફુલદાની, માટીના વાસણો, ખાણી-પીણી, મીઠું પાન, બુટ-ચંપલ, કપડાં, બુદ્ધિના બાલ, ચશ્મા, ઘડિયાળ વિગેરેનું વેચાણ જોવા મળ્યું. લોકમેળામાં ચકડોળ, ગેસવાળા ફુગ્ગાઓ, પવનચક્કીઓ રંગબેરંગી આકર્ષણનું કેન્દ્ર રહ્યું હતું.

# ચિલોડા પાસેના ગામોમાં વિજતંત્રના દરોડા ૧૯ કનેક્શન કપાયા કુલ ૪લાખનો દંડ કર્યો

**સાદરા, જાખોરા, ચેખલારાણી, કલ્યાણપુરા, દોલારાણા વાસણામાંથી ૧૧ તો ડભોડા, વડોદરા, રાયપુર, વજાપુરામાંથી ૮ જેટલા મકાનનું વીજ જોડાણ કટ કરાયું**

ચિલોડા,તા.૧૮

ચિલોડા નજીકના નવ જેટલા ગામમાં વીજકંપનીએ દરોડા પાડ્યા હતા. જેમાં સાદરા, જાખોરા, ચેખલારાણી, કલ્યાણપુરા, દોલારાણા વાસણામાંથી ૧૧ તો ડભોડા, વડોદરા, રાયપુર, વજાપુરામાંથી ૮ મકાનના વીજ કનેક્શન કાપી નાખવામાં આવ્યા હતા. વીજતંત્રએ કુલ ૧૯ જેટલા કનેક્શન કાપી કુલ ચાર લાખ સુધીનો દંડ ફટકાર્યો હતો. ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં અવારનવાર વીજ ચોરીના બનાવો બનતા હોય છે તો વીજ કંપની દ્વારા ચેકિંગ દરમિયાન પણ વીજ ચોરીની ઘટનાઓ સામે આવતી હોય છે જેમાં વીજ કનેક્શન પણ કાપી લેવામાં આવતા હોય છે અને તેની સામે ગુના પણ નોંધવામાં આવે છે ત્યારે જીઈબી તંત્રએ વીજ ચોરી સામે લાલ આંખ કરતાં મોટા ચિલોડા પાસેના આઠ જેટલા ગામોમાં દરોડા પાડ્યા હતા. વીજચોરીના ગુનાઓને ડામવા ચિલોડા સબ ડિવિઝન ૧ દ્વારા ડભોડા, વડોદરા, રાયપુર, વજાપુરામાં વિવિધ જગ્યાએ ચેકીંગ હાથ ધરાયું હતું. જેમાં ઘણી જગ્યાએ વીજચોરી તંત્રના ધ્યાને આવી હતી. ચેકીંગ દરમિયાન વીજ ચોરી જોવા મળતા જ આઠ જેટલા કનેક્શન કાપી નાખવામાં આવ્યા હતા અને અંદાજિત દોઢ લાખ સુધીનો દંડ તંત્ર દ્વારા ફટકારવામાં આવ્યો હતો.તો ચિલોડા સબ ડિવિઝન ૨ દ્વારા સાદરા, જાખોરા, ચેખલારાણી, કલ્યાણપુરા, દોલારાણા વાસણામાં ૧૧ જેટલા મકાનોમાં વીજચોરી ઝડપાઈ હતી. ત્યારે તે તમામના વીજ કનેક્શન કાપી નાખવામાં આવ્યા હતા. અને બેથી અઢી લાખનો દંડ તંત્ર ફટકાર્યો હતો. આમ સબ ડિવિઝન ૧ અને ૨ નો મળીને અંદાજિત ચાર લાખ સુધીનો દંડ કરાયો હતો. ત્યારે આ તમામ સામે વીજ ચોરીના ગુના નોંધવામાં આવ્યા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં વધતા વીજચોરીના બનાવો સામે તંત્રએ ફરી એકવાર લાલ આંખ કરી છે.

### મહાશિવરાત્રી સ્પેશિયલ ફરાળી વાનગીઓ



મહાશિવરાત્રીના પાવન પર્વમાં ઉપવાસનું અનેરૂ મહત્વ રહેલુ છે, ત્યારે ફરસાણની દુકાનોમાં ફરાળી ચીજવસ્તુઓની ખરીદીમાં ભારે જમાવટ રહી હતી. ગાંધીનગરની પ્રખ્યાત રાધે પ્રેમની મીઠાસ ખાતે ફરાળી પ્લેટર, ફરાળી ચાટ, ગરમાગરમ ફરસાણ જેમાં બફવડા, સાબુદાણાની પેટીસ, લીલા નારિયેળની પેટીસ, સાબુ કટલેસ, પનીર પેટીસ, ફિંગર ચિપ્સ પ્લેટ, સાબુદાણાની ખીચડી, સૂકી ભાજી મહાશિવરાત્રી નિમિત્તે સ્પેશિયલ બનાવવામાં આવ્યા હતા જેની ડિમાન્ડ પણ ખૂબ જોવા મળી હતી.

# સેક્ટર-૭માં શિવશક્તિ મંદિર ખાતે કૈલાશ દર્શન



ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેરના સેક્ટર ૭સી ખાતે સ્થિત શિવ શક્તિ મંદિરમા મહાશિવરાત્રી પર્વની ઉજવણી માટે આબેહૂબ કૈલાશ પર્વતની ઝાંખી તૈયાર કરવામાં આવી હતી અને સાથે ચાર પ્રહરની પૂજાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. શિવશક્તિ મંદિર પરિસરમાં ફૂલોના શણગાર સાથે સુંદર આયોજન કરાયું હતું જેના દર્શનનો મોટી સંખ્યામાં ભાવિક શ્રદ્ધાળુઓએ લાભ લીધો હતો.

# ગાંધીનગર ખાતે ૧૫મી ઈન્ટર સાઈ કબડ્ડી ટુર્નામેન્ટનું સમાપન




ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરના સેક્ટર-૧૫માં સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના પ્રાદેશિક કેન્દ્ર નેશનલ સેન્ટર ઓફ એક્સેલન્સ ખાતે ત્રણ દિવસ માટે ૧૫મી ઈન્ટર સાઈ કબડ્ડી ટુર્નામેન્ટ યોજાઈ હતી. આ ટુર્નામેન્ટમાં પુરુષ વિભાગમાં પ્રથમ ક્રમાંકે બિલાસપુર સાઈ ટ્રેનિંગ સેન્ટર, બીજા નંબરે ચેન્નઈ સાઈ અને તૃતીય સ્થાને હૈદરાબાદ સાઈ જ્યારે ગર્લ્સ વિભાગમાં પ્રથમ ક્રમે આસામની ખોખારાઝાર સાઈ અને દ્વિતિય ક્રમે તામિલનાડુના મલાઈયુથુરાઈ સાઈની ટીમ વિજયી થઈ હતી. ગાંધીનગર ખાતે યોજાયેલી ૧૫મી ઈન્ટર સાઈ કબડ્ડી ટુર્નામેન્ટ સમાપન કાર્યક્રમમાં વસ્ત્રાપુરના ધારાસભ્ય અમિત ઠાકર, રાજ્ય યુવા બોર્ડના પૂર્વ ચેરમેન સંજય મહેતા, સાઈ ગાંધીનગરના રિજિયોનલ ડાયરેક્ટર મણિકાંત શર્મા, ડેપ્યુટી ડાયરેક્ટર ઓમકાર સહિત સાઈના વિવિધ અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા. આ ટુર્નામેન્ટમાં આ ટુર્નામેન્ટમાં વિવિધ એસટીસીએસમાંથી પુરુષવિભાગમાં ૮ ટીમ અને મહિલા વિભાગમાં ૪ મળીને કુલ ૧૨ ટીમો ભાગ લીધો હતો.

# ડૉ. કિરણ બેદીના લાઈવે શૉ ડેમોસ્ટ્રેશન લર્નિંગ માટે ગુજરાતમાંથી વડોદરાની વિદ્યાર્થીની કુ. મિશેલ પરમારની પસંદગી થઈ

ગાંધીનગર, તા. ૧૮

ભારતના પ્રથમ મહિલા આઈપીએસ ડૉ. કિરણ બેદીના લાઈવ શૉ ડેમોસ્ટ્રેશન લર્નિંગ 'બુક રિડિંગ વિથ કિરણ બેદી' કાર્યક્રમમાં ગુજરાતમાંથી વડોદરા સ્થિત કોન્વેન્ટ ઓફ જીસસ એન્ડ મેરી સ્કૂલમાં અભ્યાસ કરતી કુ. મિશેલ મનિષ પરમારની પસંદગી કરવામાં આવી હતી.

તા. ૧૧ મી ફેબ્રુઆરીના રોજ યોજાયેલા આ કાર્યક્રમમાં ભારતભરમાંથી કુલ ૬ વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી જેમાં ગુજરાતમાંથી વડોદરાથી મિશેલ પરમાર પણ સામેલ હતા. મિશેલ પરમારે થાઈ નાટ હામ્બ લિખિત 'પીઝ ઈઝ એવરી સ્ટેપ ધ પાથ ઓફ માઈન્ડ ફુલનેસ ઈન એવરીડે લાઈફ' પુસ્તકનું રિવ્યૂ કર્યુ હતુ. મિશેલે કલ્ચર ઓફ ગુજરાત અન્વયે ગુજરાતના સાંસ્કૃતિક વારસા અંગે પોતાના વિચારો રજુ કર્યા હતા અને સર્વેને પ્રભાવિત કર્યા હતા.

મિશેલ પરમારે આ સિદ્ધિ અન્વયે ગુજરાત તથા વડોદરાનું ગૌરવ વધાર્યુ હતુ. મિશેલની આ સિદ્ધિ બદલ સમગ્ર પરિવાર, સમાજ, શિક્ષકગણ તથા સગા-સ્નેહીઓ દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

# ગાંધીનગરના તરવૈયા ઝંખી રહ્યા છે સે-૧૯ના સ્વિમીંગ પુલની પુનઃશરૂઆત

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરના સેક્ટર-૧૯મા જીમખાનાના સ્વિમીંગ પુલને વર્ષ-૨૦૧૯માં ઓક્ટોબર માસથી મેન્ટેનન્સ અને રીનોવેશનના કારણોસર બંધ કરવામા આવ્યો હતો જે હજુ સુધી ચાલુ થવા પામ્યો નથી જેના કારણે શહેરના તરણ શોખીનો તેમજ તરવૈયા ખેલાડીઓમાં પણ નિરાશાનો માહોલ સર્જાવા પામ્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર સે.૧૯ના જીમખાનાનો સ્વિમીંગ પુલ વર્ષ-૨૦૧૯માં ઓક્ટોબર માસથી મેન્ટેનન્સ અને રીનોવેશનના કારણોસર બંધ કરવામાં આવ્યો તે દરમ્યાન બે વર્ષ કોરોના મહામારીના કરણે રીનોવેશન કાર્ય ધીમી ગતિએ થઈ ગયું હતુ.

જોકે કોરોના મહામારી પછી પણ છેલ્લા એકાદ વર્ષ ઉપરથી જ્યારે પરિસ્થિતિ થાળે પડી છે અને તમામ ક્ષેત્રે કાર્યો પૂર્વવત ઝડપે આગળ વધી રહ્યાં છે ત્યારે પણ આ સ્વિમીંગ પુલનું કાર્ય મંથર ગતિએ ચાલતું હોવાથી ગાંધીનગરના સ્વિમીંગ પ્રેમીઓ સ્વિમીંગ પુલ વિના તરસી રહ્યા છે.

ગુજરાતમાં બધે સ્વિમીંગ પુલ ચાલુ છે, સેક્ટર ૨૧ ખાતે સ્વિમીંગ પુલ છે પણ તેને પણ સભ્ય સંખ્યા મર્યાદા તેમજ તેમના જુના સભ્યોને પ્રાયોરીટી આપવી નીતિના કારણે સેક્ટર ૧૯ જીમખાનાના સ્વિમીંગ સભ્યોને તેમા એડમિશન મળતુ નહોતુ. નવી સીઝન ૨૦૨૨ના શરૂઆતમાં ફુલ બહારે રીનોવેશન કામગીરી થઈ અને ૮૫ ટકા જેટલું કાર્ય પુરૂ થયુ અને બેડમિંટન, ટેબલટેનીસ જેવી રમતો પણ જીમખાનામાં ફરી શરૂ થઈ જતા, સેક્ટર ૧૯ જીમખાનાના સ્વિમીંગ મિત્રોમા ઉત્સાહની લહેર પ્રસરી હતી પરંતુ છેલ્લા બે માસથી સેક્ટર ૧૯ જીમખાના મા રીનોવેશન કામગીરી ઠપ થઈ ગઈ છે જેને પરિણામે સ્વિમીંગ પુલના ચેંજીગ યુનીટ અર્ધપુર્ણ અવસ્થામાં સ્થગિત છે તેના કારણે સ્વિમીંગ પુલ શરૂ થઈ શકે એમ નથી, જે અંગે જીમખાનામાં તરણ શોખીનોએ કરેલી પુછપરછ દરમિયાન જાણવા મળેલ કે, ગાંધીનગર માર્ગ-મકાન વિભાગ આ કામ સંભાળી રહ્યુ છે અને એ પુર્ણ કરશે પછી ચાલુ થશે. પરિણામે ચાલુ સાલે સ્વિમીંગ પુલ સમયસર નહી મળે તેવી દ્વીધામા સ્વિમીંગ મિત્રો મુકાઈ ગયા છે. ગાંધીનગર સ્વિમીંગ એસોસિયેશન પણ ઈચ્છે છે જો ચાલુ સાલે સેક્ટર ૧૯ જીમખાનાનો સ્વિમીંગ પુલ તૈયાર થઈ જાય તો ગાંધીનગરમાં શાળા હરીફાઈ માટે તેમજ ખેલ મહાકુંભ માટેના નવા તરણ હરીફો મળી રહે અને વિવિધ ખેલાડીઓને તેમની પ્રેકટીસ કરવા માટે પણ સરળતા રહે જેથી સ્વિમીંગ પુલનું કાર્ય ઝડપથી આટોપાય અને ફરી જલ્દી સ્વિમીંગ પુલ ચાલુ થાય તેવું સ્વિમીંગ મિત્રો ઈચ્છી રહ્યાં છે.

# સે.૧૩માં વધી રહેલાં ગેરકાયદેસર ઝુંપડપટ્ટીના દૂષણથી સ્થાનિક વસાહતીઓ ભારે પરેશાન

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગરના સે. ૧૩માં છેલ્લા એક માસમાં ગેરકાયદેસર ઝૂંપડાઓની સંખ્યા દિન પ્રતિદિન વધી રહી છે અને આ ઝુંપડપટ્ટીમાં રહેતા શ્રમિકો દ્વારા ખુલ્લામાં શૌચક્રિયા કરવી, બળતણ માટે નજીકના વૃક્ષોની ડાળીઓ કાપી નાંખવી, તેને સળગાવી ધુમાડો કરવો સહિત દારૂ-જુગાર અને ચોરી-ચકારી જેવી અસામાજિક પ્રવુતિઓ પણ થતી હોય છે જેને કારણે સ્થાનિક વસાહતીઓને પારાવાર મુશ્કેલી પડે છે. આ બાબતે અનેકવાર મ્યુનિસિપલ કોર્પોરેશન અને કલેક્ટર કચેરીમાં રજુઆત કર્યાનુ સે.૧૩ વસાહત મંડળના પ્રમુખ ભરત સોનીએ એક અખબારી યાદીમાં જણાવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે સે.૧૩ ઉપરાંત સે.૬, સે.૫, સે.૪, સે.૩ન્યુ, સે.૧૨, સે.૧૪ જેવા નવા સેક્ટરો સહિત સે.૧૬, સે.૨૦, સે.૨૩, સે.૨૪, સે.૨૮ જેવા જુના સેક્ટરોમાં પણ આ દૂષણ વધતું જતું હતું.

પાટનગરના વિકાસની સાથે સાથે વિવિધ દૂષણો પણ વધી રહ્યાં છે જેમાં શહેરના સેક્ટરોમાં ખાસ કરીને હવે સેક્ટરોમાં દિન-પ્રતિદિન વધી રહેલી ઝુંપડપટ્ટીથી નાગરિકો પરેશાન થઈ રહ્યાં છે. ઝૂપડપટ્ટી વિસ્તારમાં રાત્રીના સમયે દારૂ પીને તોફાન કરવા મોટા અવાજે અસભ્ય ભાષામાં ઝઘડા, કજિયા-કંકાસ કરવા, અંદરોઅંદર મારઝૂડ કરવી જેવા દૂષણો વધી રહ્યાં છે તે ઉપરાંત સેક્ટરમાં ઘરના કમ્પાઉન્ડમાં પડેલી ચીજવસ્તુઓની ઉઠાંતરી સહિત નાની-મોટી ચોરી-ચકારીની સમસ્યા વધતી જાય છે જેના પર વહીવટીતંત્રએ સત્વરે અંકુશ મુકવો જરૂરી બનતું જાય છે. આ સાથે ઝૂપડપટ્ટી વિસ્તારમાં જાહેરમાં શૌચક્રિયાઓ કરવી, ઉઘાડા શરીરે ખુલ્લામાં સ્નાન કરવું, બળતણ માટે આસપાસના વૃક્ષો કાપવાં, રાત્રીના સમયે દારૂ પીને તોફાન કરવા મોટા અવાજે અસભ્ય ભાષામાં ઝઘડા, કજિયા-કંકાસ કરવા, અંદરોઅંદર મારઝૂડ કરવી જેવા દુષણો વધી રહ્યાં છે જેની વસાહતીઓના બાળકો પર વિપરીત અસરો થઈ શકે છે. આ બાબતે સેકટરના અગ્રણીઓ દ્વારા વારંવાર સ્થાનિક વહિવટી તંત્રને પણ અનેકવાર જાણ કરવામાં આવે છે. સત્વરે જવાબદાર તંત્ર દ્વારા કડક હાથે પગલા ભરવામાં આવે અને શહેરમાં વધી રહેલી ગેરકાયદેસર ઝૂંપડપટ્ટી પર અંકુશ આવે તેવી વસાહતીઓમાં માંગ પ્રવર્તી રહી છે.

# ચિલોડા નીલકંઠ મહાદેવ દેવાલયમાં શિવ ભક્તોનું ઘોડાપુર ઉમટ્યુ

**ઓમ નમઃ શિવાયના નાદથી ગુંજી**




ચિલોડા, તા. ૧૮

મહાવદ-૧૩, શનિવારના રોજ મહાશિવરાત્રી પર્વની ઉજવણી નિમિત્તે ચિલોડા સ્થિત નીલકંઠ મહાદેવ દેવાલયમાં ચિલોડા ગામના શિવભક્તો દ્વારા બિલીપત્ર, દૂધ, જળના અભિષેક દ્વારા શિવલીંગના દર્શન કરી પૂજા-અર્ચના કરી ધન્યતા અનુભવી હતી. વહેલી સવારથી મોડી રાત સુધી ભક્તો શ્રદ્ધાભેર દર્શન કરવા આતુર બન્યા હતા. શાસ્ત્રીજી જશુભાઈ રાવલે દરેક શિવભક્તોને પૂજા-અર્ચના કરાવી હતી.

સમગ્ર નિલકંઠ મહાદેવ મંદિર ફુગ્ગાથી શણગારવામાં આવ્યુ હતુ. ભક્તોજનો દ્વારા ઓમ નમો શિવાયના મંત્રથી મંદિર ગાજી ઉઠ્યું હતું.



પુ. રવિશંકર મહારાજની પ્રતિમાને ૧૪૦ વખત વસાહત મહામંડળના અરૂણ બુચ દ્વારા પુષ્પાંજલિ અપાઈ હતી.